પત્રિકા
૧૨૫

# ચિરાગે હિદાયત

૨૨/૦૯/૧૭
૧ મોહર્રમ

## આ અઠવાડિયાની મુનાસેબત

### ૧ મોહર્રમ – અઝાદારીના દિવસોની શરૂઆત

## માહે મોહર્રમ

માહે મોહર્રમ આલે મોહમ્મદ(સ.અ.વ.)ના ગમ અને રંજનો મહિનો છે, ગદીરની બયઅતના ઈકરારનો મહિનો છે, વિલાયત અને ઈમામતથી સંબંધ જાહેર કરવાનો મહિનો છે, દુશ્મને એહલેબૈત(અ.મુ.સ.)થી બેઝારીનો મહિનો છે, દીનની તાઅલીમાતને નવજીવન કરવાનો મહીનો છે કે જે દીનના ખાતર ઈમામ હુસૈન(અ.સ.)એ કુરબાનીઓ આપી છે જે તાકયામત યાદગાર રહેશે.

શેખ અબ્બાસે કુમ્મી(અ.ર.) પોતાની કિતાબ 'નફસુલ મહમુન'માં લખે છે કે રય્યાન ઈબ્ને શબીબ કહે છે કે તેઓ માહે મોહર્રમની પહેલી તારીખે ઈમામ રઝા(અ.સ.)ની મુલાકાત માટે ગયા ત્યારે ઈમામ રઝા(અ.સ.)એ પૂછયું કે ''અય ફરઝંદે શબીબ! શું તમે આજે રોઝો રાખ્યો છે ?'' તેમણે કહ્યું ''નહિ ઈમામ(અ.સ.)''

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે ''આજના દિવસે નબી ઝકરીયા(અ.સ.)એ અલ્લાહ તઆલા પાસે ઔલાદ માટે દુઆ કરી હતી અને અલ્લાહે તેમની દુઆને કબૂલ કરી અને તેમને ત્યાં જનાબે યહ્યા(અ.સ.)ની વિલાદત થઈ. તેથી જે કોઈ આજના દિવસે રોઝો રાખે અને અલ્લાહ તઆલાથી જે હાજત ચાહે તો અલ્લાહ તેની હાજતને પૂરી કરે છે.

પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે ''અય ફરઝંદે શબીબ! માહે મોહર્રમ એ હુરમતવાળો મહિનો છે કે જેમાં જંગ અને કત્લ કરવું હરામ છે. પણ અફસોસ બની ઉમય્યાના લોકોએ તેની હુરમત ન જાળવી અને આજ મહિનામાં તેમના પવિત્ર પયગંબર(સ.અ.વ.)ના ફરઝંદને કત્લ કરીને તેમના ઘરની ઔરતો ઉપર ઝુલ્મ

કરીને તેમને કૈદ કર્યા અને અલ્લાહ તઆલા કયારેય પણ આ ઝાલીમોને માફ નહીં કરે.

અય ફરઝંદે શબીબ! અગર તમે ચાહતા હો કે તમે ગમ કરો અને આંસુ વહાવો તો હુસૈન ઈબ્ને અલી ઈબ્ને અબીતાલીબ(અ.સ.) ઉપર રોવો, કારણ કે તેમને એવી રીતે કત્લ કરવામાં આવ્યા જેવી રીતે એક દુમ્બાહ (જાનવર)ને ઝબ્હ કરવામાં આવે છે અને આ શહાદત ઉપર આસમાન અને ઝમીન પણ રોયા.

અય ફરઝંદે શબીબ! અગર ઈમામ હુસૈન(અ.સ.) ઉપર રૂદન કરવામાં તમારી આંખોમાંથી આંસુ નીકળીને તમારા ગાલ ઉપર વહેવા લાગે, તો અલ્લાહ તઆલા તમારા દરેક ગુનાહે કબીરા અને ગુનાહે સગીરા બખ્શી દેશે અને તમને માફ કરી દેશે ભલે પછી તમારા ગુનાહ થોડા હોય કે વધારે.

અય ફરઝંદે શબીબ! અગર તમે ચાહતા હો કે અલ્લાહ તઆલાની સાથે એવી હાલતમાં મુલાકાત કરો કે તમારા ઉપર ગુનાહોનો કોઈ ભાર ન હોય તો ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરો.

અય ફરઝંદે શબીબ! અગર તમે ચાહતા હો કે જન્નતમાં સૌથી ઉંચા ઘરમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને અઈમ્મએ માઅસુમીન(અ.મુ.સ.)ની પડોશમાં વસવાટ કરો, તો ઈમામ હુસૈન(અ.સ.)ના કાતીલો ઉપર લાનત કરો.''

અઝીઝો! અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરીએ કે તેણે આપણને સય્યદુશ્શોહદાની આ અઝીમ અઝાદારીનો શરફ આપ્યો. આ અમલને નાનો ન ગણીએ. આ અઝાદારીના કારણે જ બારગાહે એહલેબૈત(અ.મુ.સ.)માંથી દુઆઓ મળતી રહે છે.

## અઝાદારો માટે ઈમામ(અ.સ.)ની દુઆ

રિવાયતોમાં છે કે હઝરત ઈમામ જાફરે સાદિક(અ.સ.) સજદામાં આ રીતે દુઆ કરતા હતા.

''ખુદાયા! એ આંખો ઉપર રહેમત નાઝિલ કર કે જે અમારી હમદર્દી અને

મોહબ્બતમાં અમારી ઉપર આંસુ વહાવે છે.

ખુદાયા! એ દિલો પર રહેમ કર કે જે અમારા માટે દર્દમંદ થાય છે, પરેશાન થાય છે.

ખુદાયા! રહેમ કર એ ફરિયાદો પર ચીખો ઉપર કે જે અમારા માટે બુલંદ થાય છે.

ખુદાયા! હું એ રૂહોને અને શરીરોને તારી અમાનતમાં આપું છું, ત્યાં સુધી કે પ્યાસના દિવસે હૌઝે કવસર પર તેમની મુલાકાત કરૂં.

*- કાફી ભાગ-૪, પેજ નં.૫૮૨, હદીસ-૧૧*

રિવાયતોમાં છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે :

''અય ફાતેમા(સ.અ.) રોઝે કયામત તમે ઔરતોની શફાઅત કરજો અને હું મર્દોની શફાઅત કરીશ. દરેક અઝાદારે ઈમામ હુસૈન(અ.સ.)ને હાથ પકડીને જન્નતમાં લઈ જશું.''

*- વસાએલુશ્શીઆ, ભાગ-૧૦, પેજ નં.૩૨૭*

જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.) આ રીતે દુઆ કરે છે કે ''પરવરદિગાર મારા દીકરા હુસૈન(અ.સ.) પર ગીર્યા કરવાવાળાઓ માટે મારી શફાઅત કબૂલ કર.''

*- અકવાલે માઅસુમીન(અ.મુ.સ.)*

અઝીઝો! આ અઝાદારીના લીધે દીન બાકી છે તેથી આપણી ઉપર એ અહમ જવાબદારી છે કે આ અઝાદારીને બરપા કરવા માટે આપણી નિય્યતોને ખાલીસ કરી દઈએ. ફકત અને ફકત તેને એહલેબૈત(અ.મુ.સ.)ની ખુશનુદી અને તેમની કુરબત હાંસીલ કરવાને માપદંડ બનાવીએ.

આપણા અકાએદ, અખ્લાક અને આમાલ પર એહલેબૈત(અ.મુ.સ.)નો રંગ એવી રીતે લગાવીએ કે આપણે ખરેખર તેમના શિયા છીએ અને તેમના ચાહવાવાળા છીએ તે જાહેર થાય.

ખુલુસ નિય્યતની સાથે અઝાદારીમાં ભાગ લેતી વેળાએ અઝદારોને ખાસ

વિનંતી કે તેઓ રીયાકારીથી દૂર રહીએ, આપણી આંખોને હરામ નિગાહોથી બચાવીએ, જે હાથો વડે હઝરત અબ્બાસ(અ.સ.)ના અલમને ઉપાડીએ છીએ તેને દરેક ગુનાહોથી પાક રાખીએ, જે ઝબાનથી એહલેબૈત(અ.મુ.સ.)નો ઝિક્ર કરીએ છીએ તેને ગીબત, તોહમત અને જૂઠ વગેરેથી બચાવીએ.

ઈમામ હુસૈન(અ.સ.)ની અઝાદારી ભાઈચારા અને સાથે મળીને કરીએ કે જનાબે ઝહેરા(સ.અ.)ની દુઆના હકદાર બનીએ, ન્યાઝો અને તબરૂકકાતનો ખૂબજ એહતેરામ કરીએ કે જેમાં શીફા છે. તેનો જરા પણ બગાડ ન થાય તેનું ધ્યાન રાખીએ. જેથી ન્યાઝની બરકતો અને અસરો જાહેર થાય. અગર બગાડ ઈસરાફ થશે તો તે ગુનાહનું કારણ બનશે અને એવું બને કે આપણા આ ગુનાહો ઈમામ(અ.સ.)ને નારાઝ અને ગમગીન કરે.

કારણ કે અઝીઝો! આ અઝાદારીમાં આપણી સાથે આપણા ઝમાનાના ઈમામ(અ.સ.) પણ શરીક છે કે જેઓ સવાર અને સાંજ તેમના જદ્દે મઝલુમના ગમમાં ખૂનના આંસુઓ વહાવી રહયા છે અને ઈન્તેઝાર કરી રહયા છે કે કયારે અલ્લાહ આપનો ઝહુર કરે અને દુશ્મને એહલેબૈત(અ.મુ.સ.), કાતીલાને ઈમામ હુસૈન(અ.સ.) અને કરબલાના શહીદોના ખૂનનો બદલો લે અને આવો જ ઈન્તેઝાર આપણી શહેઝાદી જનાબે ઝહેરા(સ.અ.) પણ કરે છે આજે પણ જન્નતુલ બકીઅની કબ્રો યા મહેદી પુકારી રહી છે.

અઝીઝો! આપણે પણ ફર્શે અઝા પર જઈને એહલેબૈત(અ.મુ.સ.)નો ઝિક્ર સાંભળીએ તેમના ફઝાએલ સાંભળીએ અને જયારે મસાએબ પઢાય અને આંખોમાં આંસુ આવે તો આપણે ઈમામ(અ.સ.)ને તેમના જદનો પુરસો આપીએ અને ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુરની દુઆ જરૂર કરીએ કે અલ્લાહ ઈમામ મહદી(અ.ત.ફ.શ.)નો ઝહુર જલ્દી કરે.

*આ ગયા માહે અઝા, આંસુ બહા લો ફાતેમા...*

प्रकाशक : हाजीनाजी मेमोरियल ट्रस्ट
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com